# સાહેબમય થાઉં ને અક્ષરધામ જાઉં

જેવો માવડીનો પ્રેમ, એવો સાહેબનો નેહ, (૨)
સ્નેહમાં ભીંજાવું ને માહાત્મ્યમાં ગૂંથાઉં, (૨)
સાહેબમય થાઉં ને અક્ષરધામ જાઉં !

જેવો સૂર્યનો પ્રકાશ, એવો સાહેબનો ઉજાસ, (૨)
આતમ ઉજાસને દીપાવું, (૨) પ્રભુ પ્રકાશે પથરાઉં, (૨)
સુહૃદભાવ રાખું ગુણગાન સૌનાં ગાઉં, (૨)
સાહેબમય થાઉં ને અક્ષરધામ જાઉં !

જેવો પૂનમનો ચાંદ, એવો શીતલ તારો સાથ, (૨)શાતામાં જીવન વિતાઉં, તારી, (૨) હૃદય આકાશમાં સમાવું, તારા, (૨)
અંતર ઉજાળું એમાં પ્રભુ પધરાઉં, (૨)
સાહેબમય થાઉં ને અક્ષરધામ જાઉં !

જેવો માથાનો મુગટ, પ્રભુ એવો તારો ભક્ત, (૨)
સૌને હું નિર્દોષ માનું, (૨) હળી-મળી એકમના થાઉં, (૨)
ગુરુઆજ્ઞામાં પ્રભુતાને પામું, (૨)
સાહેબમય થાઉં ને અક્ષરધામ જાઉં !

રચયિતા : ડૉ. સ્મિતાબેન (USA)